ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૫૪ | ૭ માર્ચ, ૨૦૧૯, ગુરૂવાર; ફાગણ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અયોધ્યા કેસમાં મધ્યસ્થી મામલે ચુકાદો અનામત

## તમામ પક્ષોને નામ આપવા સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો : પાંચ જજની બંધારણીય બેંચ સમક્ષ બધા પક્ષ તરફથી તર્કદાર દલીલો કરાઈ : મધ્યસ્થીને લઇને તમામ પક્ષોની વચ્ચે સહમતિ ન થઇ : મુસ્લિમ પક્ષો સહમત

નવી દિલ્હી,તા. ૬

રાજકીયરીતે સૌથી સંવેદનશીલ રામજન્મ ભૂમિ બાબરી મસ્જિદ જમીન વિવાદ મામલામાં મધ્યસ્થીની સંભાવના હજુ પણ દેખાઈ રહી છે. સુપ્રીમ કોર્ટે આજે તમામ પક્ષોની દલીલો સાંભળ્યા બાદ મામલાના સ્થાયી સમાધાન માટે કોર્ટ દ્વારા નિયુક્ત અને નિરીક્ષણ હેઠળ મધ્યસ્થીને લઈને ચુકાદો અનામત રાખ્યો હતો. અયોધ્યા જમીન વિવાદ મામલામાં સુપ્રીમ કોર્ટે તેનો ચુકાદો મધ્યસ્થી ઉપર અનામત રાખતા આને લઈને પણ સસ્પેન્સની સ્થિતિ અકબંધ રહી છે. સુપ્રીમ કોર્ટે આજે કહ્યું હતું કે, રામજન્મભૂમિ બાબરી મસ્જિદ જમીન વિવાદ કેસ મધ્યસ્થી માટે રિફર કરવામાં આવી શકે છે કે કેમ તે અંગે વહેલીતકે ચુકાદો આપવા માટે ઈચ્છુક છે. સાનુકુળ ઉકેલ સુધી પહોંચવા માટે સંભવિત મધ્યસ્થીઓના નામ આપવા તમામ સંબંધિત પક્ષોને સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો હતો. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં પાંચ જજની બંધારણીય બેંચે મધ્યસ્થીઓના નામ આપવા તમામ સંબંધિત પક્ષોને સૂચના આપી હતી. આ બેંચમાં એસએ બોબડે, ડીવાય



ચંદ્રચુડ, અશોક ભુષણ, એસએ નઝીર પણ હતા. બેંચે ચુકાદો અનામત રાખ્યો હતો. હિન્દુ સંસ્થાઓ નિર્મોહી અખાડા સિવાય મધ્યસ્થી માટેના મામલાને રિફર કરવાના કોર્ટના સુચનનો વિરોધ કર્યો હતો. જો કે, મુસ્લિમ સંસ્થાઓએ આ સૂચનને ટેકો આપ્યો હતો. સોલીસીટર જનરલ તુષાર મહેતા ઉત્તરપ્રદેશ સરકાર તરફથી ઉપસ્થિત રહ્યા હતા. તૂષાર મહેતાએ રજૂઆત કરી હતી કે, જ્યારે પ્રવર્તમાન કેસનો ઉકેલ દેખાય ત્યારે જ મધ્યસ્થી માટે આ મામલાને સોંપી શકાય છે. મધ્યસ્થી પર તમામ પક્ષોમાં સહમતિ થઈ ન હતી. સુપ્રીમ કોર્ટમાં હિન્દુ મહાસભાએ સ્પષ્ટ વલણ અપનાવતા કહ્યું હતું કે, મધ્યસ્થી કોઈપણ કિંમતે શકય નથી. ભગવાન રામની જમીન છે અને તેના પર અન્ય કોઈને હક નથી. હિન્દુ મહાસભાએ પોતાની રજૂઆતમાં મધ્યસ્થીનો વિરોધ કર્યો હતો. હિન્દુ પક્ષોએ કહ્યું હતું કે, મધ્યસ્થી એક નિરર્થક પ્રયાસ તરીકે છે. અયોધ્યામાં રામ જન્મભૂમિ બાબરી મસ્જિદ ખાતે ૨.૭૭ એકર જમીન ઉપર

● અનુસંધાન પાના - ૭ પર

# અકુંશરેખા પર ગોળીબાર : સ્ફોટક સ્થિતિ વચ્ચે ભારતની ફરી ચેતવણી

### છેલ્લા સપ્તાહના ગાળામાં જ ૬૦થી વધુ વખત પાકિસ્તાન દ્વારા ગોળીબાર : નાગરિકોમાં ભય

જમ્મુ, તા. ૬

પાકિસ્તાની સેનાએ જમ્મુ કાશ્મીરના રાજૌરી અને પુંચ જિલ્લામાં અંકુશરેખા પર અગ્રિમ ચોકીઓ અને ગ્રામિણ વિસ્તારો પર અંધાધૂંધ ગોળીબાર જારી રાખ્યો છે. રાજૌરી જિલ્લામાં સુંદરબાની સેક્ટરમાં સમગ્ર રાત્રિ ગાળા દરમિયાન અને પૂંચના કૃષ્ણા ઘાટી સેક્ટરમાં આજે વહેલી પરોઢે ગોળીબાર કરવામાં આવ્યો હતો. કોઈ ખુવારી થઈ નથી પરંતુ સરહદે વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. પાકિસ્તાન તરફથી છેલ્લા કેટલાક દિવસમાં જ ૬૦ ખત યુદ્ધ વિરામનો ભંગ કરાયો છે જેમાં એક પરિવારના ત્રણ સભ્યો સહિત ચાર લોકોના મોત થયા છે અને ૬૦ લોકો ઘાયલ થયા છે.દરમિયાન ભારતે પાકિસ્તાનને કાર્યવાહી કરવાની ફરી એકવાર ચેતવણી આપી છે જેના લીધે સ્થિતિ વણસે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. છેલ્લા પાંચ દિવસથી આસપાસના વિસ્તારોમાં શિક્ષણ સંસ્થાઓ બંધ છે. સરહદ પર ગોળીબારમાં ઘટાડો થતા સરહદે રહેતા લોકોને રાહત થઈ

● અનુસંધાન પાના - ૭ પર

# રાફેલ ડીલના દસ્તાવેજો રક્ષા મંત્રાલયથી ચોરાયા

### રાફેલ ડિલને લઇ અરજીઓ ઉપર સુનાવણી : એફ-૧૬ ફાઇટર વિમાનનો પણ ઉલ્લેખ કરાયો : સમગ્ર મામલામાં હવે ૧૪મી માર્ચના દિવસે વધુ સુનાવણી કરાશે

નવી દિલ્હી, તા. ૬

રાફેલના મામલામાં આજે સુપ્રીમ કોર્ટમાં ફરી સુનાવણી કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે રાફેલ ડિલ ઉપર પોતાના ચુકાદાની સામે દાખલ કરવામાં આવેલી ફેરવિચારણા અરજી ઉપર મહત્વપૂર્ણ સુનાવણી હાથ ધરી હતી. સુનાવણી દરમિયાન એકબાજુ સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, સંરક્ષણ મંત્રાલયમાંથી સોદાબાજી સાથે સંબંધિત દસ્તાવેજો ચોરી થઈ ગયા છે. સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે, કેટલીક ફાઈલો ચોરી થઈ ચુકી છે. એફ--૧૬ ફાઈટર જેટનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો. આ મામલામાં સુનાવણીની આગામી તારીખ સુપ્રીમ કોર્ટે ૧૪મી માર્ચ નક્કી કરી છે. પાકિસ્તાન દ્વારા ૨૭મી ફેબ્રુઆરીના દિવસે એફ-૧૬ વિમાનથી ભારતીય લશ્કરી

● અનુસંધાન પાના - ૭ પર

# સુખોઈ વિમાન તોડી પાડવાના પાક.ના દાવાને ફગાવી દેવાયો

### પાકિસ્તાનના વધુ એક જુઠ્ઠાણાનો પર્દાફાશ કરાયો

નવી દિલ્હી,તા. ૬

પુલવામા અટેકના જવાબમાં ભારતીય હવાઈ દળ દ્વારા પાકિસ્તાનમાં ઘુસીને ત્રાસવાદી અડ્ડાઓ પર ભીષણ હુમલા કર્યા બાદ હચમચી ઉઠેલા પાકિસ્તાન દ્વારા એકપછી એક જુઠ્ઠાણા જારી રાખવામાં આવ્યા છે. તેના દ્વારા ગેરમાર્ગે દોરવાના પ્રયાસ જારી રહ્યા છે. પાકિસ્તાન દ્વારા કરવામાં આવી રહેલા ખોટા દાવા વચ્ચે હવે સંરક્ષણ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યુ છે કે ગયા સપ્તાહમાં કરવામાં આવેલા હુમલા બાદ પાકિસ્તાન સાથે થયેલી ડોગ ફાઈટ દરમિયાન તેના દ્વારા ભારતીય હવાઈ દળના એક સુખોઈ-૩૦ વિમાનને ફુંકી મારવાના પાકિસ્તાનના દાવા ખોટા છે. પાકિસ્તાનના આ પ્રકારના દાવામાં કોઈ વાસ્તવિકતા નથી. મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યુ છે કે પાકિસ્તાની વાયુ સેનાના યુદ્ધ વિમાનોને જોઈ લીધા બાદ તેમને ભારતીય યુદ્ધ વિમાનોએ જોરદાર શૌર્ય દર્શાવીને પરત ખદેડી મુક્યા હતા. બાલાકોટમાં ત્રાસવાદી કેમ્પો પર ૨૬મી ફેબ્રુઆરીના દિવસે ભારતીય હવાઈ દળે ભીષણ

● અનુસંધાન પાના - ૭ પર

## ન્યુઝ ટ્રેક

### દબાણ મામલે મેરઠમાં તોફાન

ઉત્તરપ્રદેશના મેરઠ જિલ્લામાં દબાણ હટાવવા મામલે તોફાન થયુ છે. આ દરમ્યાન ટોળુ જમા થતા પોલીસ કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. ટોળાએ કેટલાક સ્થળોએ તોડફોડ મચાવી હતી અને આગ લગાવી દીધી હતી.

### બસપા નેતા ભાજપમાં સામેલ

બસપાના કદાવર નેતા અને માયાવતી સરકારમાં મંત્રી રહી ચૂકેલા વેદરામ ભાટી ભાજપમાં સામેલ થયા છે. ઉત્તરપ્રદેશ ભાજપના અધ્યક્ષ મહેન્દ્રનાથ પાંડેએ તેમને સદસ્યતા અપાવી છે.

### ઓલ ઈગ્લેન્ડ સ્પર્ધામાંથી સિંધુ બહાર

ભારતની ટોપ બેડમિંગ્ટન ખેલાડી પી.વી. સિંધુ ઓલ ઈંગ્લેન્ડ ઓપન ચેમ્પિયનશીપના પ્રથમ રાઉન્ડમાંથી જ બહાર ફેકાઈ ગઈ છે. તેઓને દક્ષિણ કોરીયાની ખેલાડી સંગજી હ્યુને હાર આપી છે.

# મુકેશ અંબાણી ૫૦ અબજ ડોલરની સાથે અમીરોમાં વિશ્વમાં ૧૩માં સ્થાને

### ભારતમાં મુકેશ અંબાણી સૌથી અમીર વ્યક્તિ : સંપત્તિમાં અવિરતપણે વધારો

નવી દિલ્હી,તા. ૬

વિશ્વના સૌથી અમીર લોકોની યાદીમાં મુકેશ અંબાણી ૧૩માં ક્રમાકે છે પરંતુ ભારતમાં મુકેશ અંબાણી સંપત્તિની દ્રષ્ટિએ પ્રથમ સ્થાન પર અકબંધ



રહ્યા છે. છેલ્લા ઘણા વર્ષોથી મુકેશ અંબાણી અબજોપતિની યાદીમાં ભારતમાં પ્રથમ સ્થાને રહ્યા છે. મુકેશ અંબાણીની સંપત્તિ ૪૦.૧ વધને ૫૦ અબજ ડોલર થઈ ગઈ છે. ગયા વર્ષે તેઓ વૈશ્વિક યાદીમાં ૧૯માં સ્થાને હતા. આ વર્ષે છ સ્થાન જંપ લગાવીને ૧૩માં સ્તાને પહોંચ્યા છે. ભારતમાં અબજોપતિની યાદીમાં મુકેશ અંબાણી પ્રથમ સ્થાને છે ત્યારબાદ ભારતના ૧૦૬ અબજોપતિમાં વિપ્રોના ચેરમેન અજીમ પ્રેમજી ૨૨.૬ અબજ ડોલરની સંપત્તિ સાથે વૈશ્વિક યાદીમાં ૩૬માં સ્થાને છે જ્યારે એચસીએલના સહસ્થાપક શિવ નાદર વૈસ્વિક યાદીમાં ૮૨માં અને આર્સેલર મિત્તલના ચેરમેન અને સીઈઓ લક્ષ્મી મિત્તલ ૫૧માં સ્થાને છે. આ તમામ લોકો ટોચના ૧૦૦ અબજોપતિમાં સામેલ રહ્યા છે. ભારતના આદિત્ય બિરલા ગ્રુપના અધ્યક્ષ કુમાર મંગલમ બિરલા યાદીમાં ૧૨૨માં સ્થાને છે જ્યારે અદાણી ગ્રુપના અધ્યક્ષ ગોત્તમ અદાણી ૧૬૭માં, ભારતી એરટેલના પ્રમુખ સુનિલ મિત્તલ ૨૪૪માં, પતાંજલિના સહસ્થાપક આચાર્ય બાલકૃષ્ણ ૩૬૫માં, પિરામલ એન્ટરપ્રાઈઝના

● અનુસંધાન પાના - ૭ પર

### ભારતના સૌથી અમીર

| ઉદ્યોગપતિ | સંપત્તિ (અબજ ડોલરમાં) |
|---|---|
| મુકેશ અંબાણી | ૫૦ |
| અજીમ પ્રેમજી | ૨૨.૬ |
| શિવ નાદર | ૧૪.૬ |
| લક્ષ્મી મિત્તલ | ૧૩.૬ |
| ઉદય કોટક | ૧૧.૮ |
| કુમાર મંગલમ બિરલા | ૧૧.૧ |
| રાધાકૃષ્ણન દામિની પરિવાર | ૧૧.૧ |
| સાયરસ પૂનાવાલા | ૯.૫ |
| ગૌત્તમ અદાણી | ૮.૭ |

# દેશમાં બેરોજગારીમાં ૨.૫ વર્ષનો રેકોર્ડ તૂટ્યો : સર્વે

### સેન્ટર ફોર મોનિટરીંગ ઇન્ડિયન ઇકોનોમીએ જાહેર કરેલા આંકડા મુજબ : ફેબ્રુઆરી-૨૦૧૯માં બેરોજગારીનો દર ૭.૨ ટકાની સપાટીએ પહોંચ્યો જે સપ્ટેમ્બર ૨૦૧૬ પછીની રેકોર્ડ હાઇ સપાટીએ છે, ૨૦૧૮માં બેરોજગારીનો દર ૫.૯ ટકા હતો

ન્યુ દિલ્હી,તા.૬

લોકસભા ચૂંટણીના થોડા




દિવસ પહેલાં જ સરકારને તકલીફ થાય તેવી વાત સામે આવી છે. દેશમાં બેરોજગારીનો દર ૨૦૧૬ પછી સૌથી રેકોર્ડ હાઈ સપાટીએ દોવા મળ્યો છે. સરકાર પહેલેથી જ ખેતીના ભાવ અને રોજગારી ન આપી શકવાના મુદ્દા પર વિપક્ષના નિશાના પર છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (CMIE) દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓથી આ વાત સામે આવી છે.

ફેબ્રુઆરી ૨૦૧૯ દરમિયાન દેશમાં બેરોજગારીનો દર ૭.૨ ટકાની સપાટીએ પહોંચી ગયો છે. આ સપ્ટેમ્બર ૨૦૧૬ પછીની રેકોર્ડ હાઈ સપાટી છે. ફેબ્રુઆરી ૨૦૧૮માં બેરોજગારીનો દર ૫.૯ ટકા જોવા મળ્યો હતો. સીએમઆઈ ખાનગી ક્ષેત્રની એક પ્રતિષ્ઠિત થિંક ટેક છે. તેના આંકડા ઘણાં વિશ્વાસ પાત્ર માનવામા આવે છે.

એક અહેવાલ મુજબ CMIEને આ આંકડા સમગ્ર દેશના લાખો પરિવારમાં કરવામાં આવેલા સર્વે આધારિત હોય છે. ઝસૈંઈના પ્રમુખ મહેશ વ્યાસે એજન્સીને જણાવ્યું કે, નોકરી ઈચ્છતા લોકોની સંખ્યામાં ઘટાડો થયો હોવા છતા બેરોજગારી દરમાં રેકોર્ડ બ્રેક વધારો થયો છે. તેમણે કહ્યું છે કે, ફેબ્રુઆરીમાં અંદાજે ૪૦ કરોડ

● અનુસંધાન પાના - ૭ પર

# બાલાકોટ સ્ટ્રાઈકમાં ત્રાસવાદી અડ્ડાઓ કબ્રસ્તાનમાં ફેરવાયા

### હવાઈ હુમલાને લઇને સ્પષ્ટ અને નક્કર પુરાવા આખરે સપાટીએ : હવાઈ હુમલામાં આતંકવાદીના અડ્ડા જમીનદોસ્ત થયા હતા અને આસપાસના વૃક્ષો પણ બળી ગયા હતા : અડ્ડાઓની નજીક એમ્બ્યુલન્સ, ટેન્કો પણ દેખાઇ

નવીદિલ્હી, તા. ૬

પાકિસ્તાનમાં ઘુસીને આતંકવાદી અડ્ડાઓ ઉપર ભારતીય હવાઈ દળ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીને લઈને વિરોધ પક્ષો દ્વારા માંગવામાં આવી રહેલા પુરાવા પર આજે મોટો ખુલાસો થયો હતો. બાલાકોટ એર સ્ટ્રાઈકને લઈને વાસ્તવિકતા આખરે સપાટી ઉપર આવી ગઈ છે જેમાં સેટેલાઈટ ઈમેજથી સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, બાલાકોટમાં ત્રાસવાદી અડ્ડાઓને હવાઈ હુમલામાં કબ્રસ્તાનમાં ફેરવી દેવામાં આવ્યા હતા. હકીકતમાં આ સમગ્ર વિવાદ કેટલાક આંતરરાષ્ટ્રીય મિડિયામાં પ્રકાશિત થયેલા અહેવાલ બાદ શરૂ થયો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, એર સ્ટ્રાઈક બાદ પણ ઈમારત યથાવત છે. હવે સેટેલાઈટ ઈમેજ મારફતે જે ફોટા આવ્યા છે તેનાથી સ્પષ્ટપણે કહીશકાય છે કે, ભારતે જોરદાર હવાઈ હુમલા કર્યા હતા જેમાં આતંકવાદી અડ્ડાઓ સંપૂર્ણપણે નાશ પામ્યા હતા અને અહીં રહેલા તમામ લોકોના મોત થયા હતા. ફોટાઓના આધાર પર દાવો કરવામાં આવ્યો છે કે, હવાઈ હુમલામાં નુકસાનના નિશાન સ્પષ્ટપણે દેખાઈ રહ્યા છે. આ રિપોર્ટ અને ફોટાઓમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, પાકિસ્તાને હુમલામાં ઈમારત અને ત્રાસવાદી અડ્ડા નાશ પામ્યા બાદ રાતોરાત નવી ઈમારત ઉભી કરી દેવાઈ હતી. અને નુકસાન થયું નથી તેમ દર્શાવવાના પ્રયાસ શરૂ થયા હતા પરંતુ સેટેલાઈટ ઈમેજમાં તમામ બાબતો સ્પષ્ટ થઈ ગઈ છે જેમાં સ્પષ્ટપણે દેખાય છે કે, ભારતે હવાઈ હુમલા કર્યા ત્યારે ઈમારતની આસપાસ વન્ય વિસ્તારો હતા અને ટેંક અને અન્ય સાધનો પણ હતા પરંતુ હવાઈ હુમલા કરવામાં આવ્યા બાદ ઈમારત ઉપર જ બોંબ ઝીંકાયા હતા અને સમગ્ર વિસ્તારમાં ઈમારત નાશ પામી હતી. વન્ય વિસ્તારમાં પણ વૃક્ષો બળી ગયા હતા અને જ્યાં હરિયાળી નજરે પડતી હતી ત્યાં કાળા નિશાન પડી ગયા હતા. આ ઉપરાંત વૃક્ષોને પણ આસપાસથી કાપીને વહેલીતકે નવેસરથી બિલ્ડિંગ ઉભી કરવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. છેલ્લા ૧૨ કલાકમાં તૈયાર કરવામાં આવેલા રિપોર્ટ મુજબ ભારતે બાલાકોટમાં ભારે તબાહી મચાવી હતી. ફોટાઓમાં સમીક્ષા કર્યા બાદ સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, ભારતીય મિસાઈલે જૈશના ટ્રેનિંગ કેમ્પને સંપૂર્ણપણે ફૂંકી મારી હતી. ભારતીય મિસાઈલો દ્વારા ઈમારતમાં અનેક મોટા ખાડા પડી ગયા હતા. બંકર બસ્ટિંગ મિસાઈલોના હુમલામાં સંપૂર્ણપણે ઈમારત નાશ પામે તે જરૂરી નથી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ